College Approved: 2F &12B

Accredited NAAC with "B" Grade (CGPA 2.29)

# Government Arts College Amirgadh

Estd. 2008 *Higher Education Department, Government of Gujarat, Gandhinagar*
*And affiliated to Hemchandracharya North Gujarat University, Patan*
Address: Banas River Road, Amirgadh, Pin-385130, Dist. Banaskantha, Gujarat
Phone no.- 02742 232015 E-Mail.-gacamirgadh@gmail.com Website: gacamirgadh.gujgov.edu.in

## "Workshop on Vernacular Innovation"

તા. 07/08/2026

સરકારી વિનયન કોલેજ, અમીરગઢ ખાતે ઇનોવેશન ક્લબ અને SSIP અંતર્ગત તા. 07/08/2026 ના રોજ એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપનો મુખ્ય વિષય 'Workshop on Vernacular Innovation" રાખવામાં આવ્યા હતો. આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સ્થાનિક ભાષા અને જ્ઞાનના ઉપયોગથી સમસ્યા નિરાકરણ ક્ષમતા વિકસાવવી, નવીન વિચારોને પ્રોત્સાહન આપવું તથા કૃષિ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ સંભાવનાઓ અંગે માર્ગદર્શન આપવાનો હતો. આ વર્કશોપમાં NABARD Assisted SDAU RBIC સંસ્થા દાંતીવાડાથી પ્રો. યશ પઢિયાર અને પ્રો. રણછોડ મોદી હાજર રહ્યા હતા. તેમણે કૃષિ ક્ષેત્રમાં વર્તમાન પડકારો જેમ કે પિયત પદ્ધતિઓ, માટીની ગુણવત્તા, પાક સુરક્ષા, બજાર વ્યવસ્થા અને ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા શક્ય ઉકેલો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને નિષ્ણાતો સાથે સક્રિય સંવાદ કર્યો હતો. આ વર્કશોપમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. એન કે સોનારા સાહેબના માર્ગદર્શન હેઠળ ઇનોવેશન ક્લબના કોઓર્ડીનેટર ડૉ. બ્રિજેશ પુરોહિતે અને SSIPના કોઓર્ડીનેટર ડૉ.નિતિનકુમાર જાદવએ કર્યું હતું જેમાં કોલેજના તમામ સ્ટાફ મિત્રોનો સહયોગ મળ્યો હતો.







SSIP કો-ઓર્ડીનેટર

ડૉ. નિતિનકુમાર જાદવ

SSIP 2.0
CO. ORDINATOR
Government Arts College
Amirgadh, Dist. B. K.

# "Workshop on Vernacular Innovation"

તા. 07/08/2026










**રખેવાળ**

## અમીરગઢ કોલેજમાં ઈનોવેશન અને સ્ટાર્ટઅપ અંગે એક દિવસીય વર્કશોપ યોજાયો



(રખેવાળ) અમીરગઢ સરકારી વિનયન કોલેજ, અમીરગઢ ખાતે ઈનોવેશન ક્લબ અને એસએસઆઈપીઅંતર્ગત શુક્રવારે તા. ૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ એક દિવસીય 'વર્નાક્યુલર ઈનોવેશન' વિષયક વર્કશોપ-કમ-ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સ્થાનિક ભાષા અને સ્થાનિક જ્ઞાનના આધારે નવીન વિચારસરણી વિકસાવવી, સમસ્યાઓના સર્જનાત્મક ઉકેલો શોધવાની ક્ષમતા વધારવી અને કૃષિ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપની તકો અંગે માર્ગદર્શન આપવાનો હતો.વર્કશોપમાં નાબાર્ડના સહયોગથી દાંતીવાડાની સંસ્થાના પ્રો. યશ પઢિયાર અને પ્રો. રણછોડ મોદી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કૃષિ ક્ષેત્રના વર્તમાન પડકારો, આધુનિક પિયત પદ્ધતિઓ, માટીની ગુણવત્તા જાળવવાના ઉપાયો, પાક સુરક્ષા, બજાર વ્યવસ્થા તેમજ ટેક્નોલોજીના ઉપયોગથી કૃષિ ક્ષેત્રમાં નવી તકો અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ નિષ્ણાતો સાથે પ્રશ્નોત્તરી અને ચર્ચા કરી હતી. વર્કશોપમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા, જેના કારણે સમગ્ર કાર્યક્રમ જ્ઞાનવર્ધક અને ઉપયોગી બન્યો હતો.

SSIP કો-ઓર્ડીનેટર

ડૉ. નિતિનકુમાર જાદવ

SSIP 2.0
CO. ORDINATOR
Government Arts College
Amirgadh, Dist. B. K.